# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/144 Dt. 18/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર અને સુરત એમ્બ્રોઇડરી એસોસીએશન દ્વારા 'સિટમે– ૨૦૨૬' એકઝીબીશન માટે MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઇન કરાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના સંયુકત ઉપક્રમે તા. ૯, ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમ્યાન સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'સિટમે– ૨૦૨૬'નું આયોજન કરવામાં આવશે. જેના અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના હોદ્દેદારોએ ગુરૂવાર, તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સંહતિ, સરસાણા ખાતે MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઇન કર્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના પ્રમુખ શ્રી મનોહર ટેકચંદાનીએ MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ પર સાઇન કરી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના સેક્રેટરી શ્રી દિલીપ લાઠીયા, શ્રી સંજય ઝા અને શ્રી વિરાટ ગિલિટવાલા ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ પરંપરાગત રીતે વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ ધરાવે છે ત્યારે 'સિટમે– ૨૦૨૬' એ સુરતની ટેક્ષ્ટાઇલ મશીનરી, એમ્બ્રોઇડરી

મશીનરી અને સંબંધિત ઉદ્યોગોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પુરું પાડશે. આ એકઝીબીશન ઉદ્યોગોને નવી ટેકનોલોજી, ઇનોવેશન અને વેપારની તકો સાથે સીધો સંપર્ક સાધવામાં મદદરૂપ બનશે. આ એકઝીબીશનમાં દેશ–વિદેશના અગ્રણી ટેક્ષ્ટાઇલ મશીનરી ઉત્પાદકો, ટેકનોલોજી પ્રોવાઇડર્સ તથા વેપારીઓ ભાગ લેશે અને સુરતના ઉદ્યોગ સાહસિકોને સીધી તક મળશે.

સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના પ્રમુખ શ્રી મનોહર ટેકચંદાનીએ જણાવ્યું હતું કે, એમ્બ્રોઇડરી ઉદ્યોગ સુરતની અર્થવ્યવસ્થાનો અભિન્ન અંગ છે. SITME- 2026 દ્વારા અમે આ ક્ષેત્રને નવી દિશા આપી શકીશું. આંતરરાષ્ટ્રીય ખરીદદારો, ટેકનોલોજી સપ્લાયર્સ અને સ્થાનિક ઉદ્યોગો વચ્ચે જોડાણ વધારવા માટે આ એકઝિબિશન સુવર્ણ તક પૂરું પાડશે.

MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઇનિંગ પ્રસંગે બંને સંસ્થાઓના હોદ્દેદારોએ વિશ્વાસ વ્યકત કર્યો હતો કે, આ એકઝીબીશન સુરતને વૈશ્વિક ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના નકશા પર વધુ મજબૂત સ્થાન આપશે અને નાના–મોટા તમામ ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર કરશે.

સુરતના એમ્બ્રોઇડરી ઉદ્યોગને ટેકનોલોજીના ક્ષેત્રે હજુ આગળ વધારવા અને તેને વૈશ્વિક કક્ષાએ પહોંચાડવા માટે ચેમ્બર સતત પ્રયત્નશીલ છે, જેના ભાગ રૂપે આગામી તા. ર૪, રપ અને ર૬ સપ્ટેમ્બર, ર૦રપના રોજ ચાઇનાના શાંઘાઇ શહેરમાં યોજાઇ રહેલા CISMA 2025 (China International Sewing Equipment Exhibition) માં સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના પ્રતિનિધિ મંડળ સાથે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા પણ એકઝીબીશનની મુલાકાતે જવાના છે.